# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date: 06-04-2025 Day: Sunday Evening: 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

કંડલા પોર્ટ-કાર્ગો હેન્ડલિંગમાં રેકોર્ડ :

દેશના અગ્રણી દરિયાઈ પ્રવેશદ્વાર તરીકે જાણીતા દીનદયાલ પોર્ટ કંડલાએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં કાર્ગો હેન્ડલિંગમાં ૧૫૦ મિલિયન મેટ્રિક ટનનો અભૂતપૂર્વ આંકડો પાર કરી નવું સીમાચિન્હ પ્રાપ્ત કર્યું છે. આ તેના ઇતિહાસમાં અત્યાર સુધીનો સૌથી વધુ કાર્ગો વોલ્યુમ છે.

દીનદયાળ પોર્ટ ઓથોરિટીના ચેરમેન સુશીલ કુમાર સિંઘે આગામી નાણાકીય વર્ષમાં 170 મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલિંગનો લક્ષ્યાંક રખાયો છે તેમ જણાવ્યું હતું.

---

નવા 3 પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને મંજુરી

જિલ્લામાં આરોગ્ય માળખાને મજબુત કરવા માટે સરકાર દ્વારા વધુ 3 પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને મંજૂરી આપવામાં આવી છે. જેમાં નખત્રાણા તાલુકાના કુલાય, ભુજ તાલુકાના લોડાઈ અને રાપર તાલુકાના અમરાપરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

રાજ્યમાં જીઓ સ્પેશિયલ એનાલિસિસના આધારે આરોગ્ય કેન્દ્રો વચ્ચેના અંતર તેમજ મુસાફરીના સમયના આધારે ચાર નવા પ્રાથમિક આરોગ્ય

કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા છે. જેમાં કચ્છના ત્રણ ઉપરાંત દેવભૂમિ દ્વારકામાં ખંભાળિયા તાલુકાના વાડીનાર પીએચસીનો તેમાં સમાવેશ કરી 2 કરોડ 40 લાખ રૂપિયાના ખર્ચની મંજૂરી આપવામાં આવી છે.

આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબી અધિકારી વર્ગ-2, લેબોરેટરી ટેક્નિશિયન, જુનિયર સ્ટાફ નર્સ, સહિતના સ્ટાફની ભરતી કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, આ અગાઉ કચ્છમાં નવા સાત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા હતા.જેમાં નખત્રાણા તાલુકાના સાંયરા, લખપત તાલુકાના પાન્ધ્રો, નરા તેમજ રાપર તાલુકાના કીડીયાનગર, કુંભારિયા, મોટી રવ અને લોદ્રાણીનો સમાવેશ થાય છે.

અગાઉ કચ્છમાં 69 પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હતા જેની સંખ્યા હવે વધીને 79 થઇ છે.

---------------------------------------------------------------------------------

<u>રામનવમીની ઉજવણી:</u>

જીલ્લામાં આજે રામનવમીની પરંપરાગત ધાર્મિક શ્રદ્ધા અને આસ્થા પૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે.

આ નિમિત્તે જીલ્લા મથક ભુજમાં શોભાયાત્રા, મહા આરતી અને રામધૂન જેવા કાર્યક્રમો યોજાયા છે. સમગ્ર કચ્છના નાના-મોટા શહેરો અને ગામડાઓમાં પણ શોભાયાત્રા, હોમ-હવન અને જીવદયાના કાર્યક્રમો નું આયોજન કરાયું હતું.

પૂર્વ કચ્છમાં અંજાર, ગાંધીધામ, ભચાઉ,રાપર સહિતના વિસ્તારો તેમજ પશ્ચિમ કચ્છમાં માંડવી, મુન્દ્રા, નખત્રાણા, માતાનામઢ, જખૌ ખાતે પણ રામનવમી નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા હોવાના સમાચાર મળી રહ્યા છે.

---------------------------------------------------------------------------------

ચોરી કરાયેલા મોબાઈલ ફોન:

રાજ્ય સાયબર ક્રાઇમ શાખાએ ચોરી કરાયેલા 106 મોબાઈલ ફોન રાજસ્થાનમાંથી કબ્જે કર્યા છે. પોલીસે ઓપરેટ થઈ રહેલા મોબાઈલ ફોનનો ડેટા મંગાવી કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં CID ક્રાઇમ શાખાએ રાજસ્થાનના અલગ અલગ જિલ્લામાંથી આ મોબાઈલ ફોન જપ્ત કર્યા છે. તેરા તુઝકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત 43 મોબાઈલ ધારકોને મોબાઈલ પરત કરાયા છે. બાકીના તમામ મોબાઈલ જે તે જિલ્લાના લોકોને મોકલી અપાશે

---------------------------------------------------------------------------------

આપત્તિ વ્યવસ્થાપન તાલીમ:

નાગરિક સંરક્ષણ કચેરી ભુજ દ્વારા કચ્છના છેવાડાના વિસ્તારમાં રહેતા અગરિયાઓને આપત્તિ વ્યવસ્થાપનની પ્રાથમિક તાલીમ આપવામાં આવી હતી. ચક્રવાત, વાવાઝોડા જેવી કુદરતી આપત્તિ સમયે કેવી રીતે જાનમાલનું રક્ષણ કરવું અને તકેદારીના કયા પગલા હાથ ધરવા તે અંગે ભુજ તાલુકાના દદ્ધર મોટી , દદ્ધર નાની, સાંધારા, દેઢિયા અને અંધાઉ ગામના રણમાં મીઠું પકવતા અગરિયા ભાઇ બહેનો માટે આ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૭૦ જેટલા અગરિયાઓએ ભાગ લીધો હતો. આ તાલીમ કાર્યક્રમમાં અગરિયાઓને ઓળખકાર્ડ

અને તેમને લગતી સરકાર ની વિવિધ યોજનાઓ અંગે પણ માહિતી આપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, ભારતીય હવામાન વિભાગ ( IMD) દ્વારા ગુજરાતના દરિયાકાંઠાથી ૧૦૦ કિલોમીટરની રેન્જમાં આવેલ ૧૬ જિલ્લાઓ પૈકી કચ્છ જિલ્લાને ચક્રવાત આવવાની "અત્યંત સંભવિત" કેટેગરી એટલે કે " P-2" કેટેગરીમાં વર્ગીકૃત કરેલ છે. કચ્છ જિલ્લામાં આવા ચક્રવાત અને વાવાઝોડાના સમયે માછીમારો, અગરિયાઓ અને દરિયા કાંઠા વિસ્તારમાં વસતા નાગરિકો સૌથી વધુ પ્રભાવિત થાય છે. જેથી, કચ્છના રણ અને દરિયાકાંઠાના વિસ્તારોમાં મીઠું પકાવવાનો વ્યવસાય કરીને આજીવિકા મેળવતા કુલ ૩૮૦૦ જેટલા અગરિયા કુટુંબો માટે જિલ્લાના વિવિધ સ્થળોએ આવી જ તાલીમો હાથ ધરવામાં આવશે તેમ નાગરિક સંરક્ષણ કચેરી ભુજ દ્વારા જણાવાયું છે.

---------------------------------------------------------------------------------

<u>ભચાઉના ચિરઈ નજીક આગ:</u>

જિલ્લામાં આગની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. ભચાઉના ચિરઈ ગામ નજીક ખાનગી ટીમ્બર કંપનીમાં ગઈ રાત્રે 2 વાગ્યે આગ લાગી હતી. જેને પગલે ભચાઉ નગર પાલિકા અને ગાંધીધામ મહા નગર પાલિકાના ફાયર વિભાગની ટીમોએ સતત પાણીનો મારો ચલાવીને સવારે 11 વાગ્યે આગ પર કાબૂ મેળવ્યો હતો. આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. પરંતુ, લાકડાનો મોટો જથ્થો બળી જવાથી વ્યાપક નુકસાન થયું છે.

ઉલ્લખેનીય છે કે, ચાર દિવસ પહેલા ગાંધીધામના પડાણા પાસે પણ આ રીતે જ ખાનગી ટીમ્બર કંપનીમાં લાગેલી આગથી કરોડો રૂપિયાનું નુકસાન થયું હતું.

---------------------------------------------------------------------------------

## જીલ્લામાં આકરો તાપ અને ગરમી:

**જીલ્લામાં આકરો તાપ અને અસહ્ય ગરમીનો દોર ચાલુ રહેવા પામ્યો છે.**

**હીટવેવની આગાહી વચ્ચે જિલ્લા મથક ભુજમાં આજે મહત્તમ તાપમાન 43 ડિગ્રી સુધી પહોંચ્યું હતું. ભુજ, ગાંધીધામ, અંજાર અને રણકાંઠે આવેલા રાપર તથા ખાવડા વિસ્તારમાં અતિ ગરમ પવન ફૂંકાઈ રહ્યો છે.**

**જીલ્લામાં ગરમીને પગલે જનજીવન પર ભારે અસર જોવા મળી રહી છે. લોકોમાં શારીરિક બળતરા, આંખ બળવી, માથું ભારે રહેવું અને ગભરામણના લક્ષણો જોવા મળી રહ્યા છે. તબીબોએ ફળો, શક્તિવર્ધક શરબત અને પુષ્કળ પ્રમાણમાં પાણી સહિતના પ્રવાહીનું સેવન કરવાની સલાહ આપી છે.**

**-----------------------------------------------------------------------------------------**

## આઈપીએલ:

ઇંડિયન પ્રીમિયર લીગ -IPL T20 ક્રિકેટમાં, આજે હૈદ્રાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે સનરાઇઝર્સ હૈદરાબાદ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે મેચ રમાશે.

**-----------------------------------------------------------------------------------------**